**વંચાણે લીધા:** સંશોધન નિયામકશ્રી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ની કચેરીના પત્ર નં જૂ.કૃ.યુ./સં.નિ. /ટેક-૧ /૨૪૩૯/૨૦૨૬ તા:૧૮/૦૬/૨૦૨૬

# ::જાહેર ખબર::

આથી નીચે જણાવેલ વિગતે દર્શાવેલ કામગીરી કરવાની આ કચેરીને જરૂરીયાત હોય રસ ધરાવતા સ્થાનિક/બહારના વેપારીઓને/ઇસમોને જાણ કરવામાં આવે છે, કે આપના ભાવ બંધ કવરમાં તારીખ: **૦૫/૦૯/૨૦૨૬** સુધીમાં પોસ્ટ/કુરીયરથી અત્રેની કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

| ક્રમ | કામગીરીની વિગત | જથ્થો | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૧ | હીરાવાડી ફાર્મ ખાતે પ્લોટ નં ૩ માં ચીકુના કુલ ઝાડ ૯૦ ને જમીન લેવલેથી કાપી અને મૂળમાંથી કાઢી લઇ જવાની કામગીરી | ૯૦ ઝાડ | • ભાવ પ્રતિ ઝાડના આપવાના રહેશે.<br>• બતાવેલા ઝાડના મૂળ જમીનમાંથી કાઢી જમીન સમતળ કરી આપવાની રહેશે.<br>• કામગીરી ભાવ મંજુર થયા બાદના **એક માસમાં** પૂરી કરી આપવાની રહેશે. |

સંશોધન વૈજ્ઞાનિક (ખેતી ઈજનેરી)
સંશોધન ચકાસણી અને તાલીમ કેન્દ્ર
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

---

જા.નં. જૂકૃયુ/સં.વૈ.(ખે.ઈ.)/ફાર્મ /૫૨૭-૫૨૮ /૨૦૨૬, જૂનાગઢ તા. ૨૯/૦૮/૨૦૨૬

**નકલ સવિનય રવાના બહોળી પ્રસિદ્ધિ અર્થે:**

૧. આ કચેરીના નોટીસ બોર્ડ પર
૨. નિયામકશ્રી, આઈ.ટી.સેલ., જૂ.કૃ.યુ, જૂનાગઢ
૩. સિકયુરિટી ઓફિસરશ્રી, મોતીબાગ ગેટ, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૪. સંબંધિત ઇસમોને નેટ પર બહોળી પ્રસિદ્ધિ અર્થે

## પરીશિષ્ટ-૧

સંશોધન વૈજ્ઞાનિક (ખેતી ઈજનેરી), સંશોધન ચકાસણી અને તાલીમ કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ હસ્તકનાં હીરાવાડી ફાર્મ ખાતે **પ્લોટ નં-3 માં ચીકુ ઝાડ કુલ નંગ-૯૦ને** જમીન લેવલેથી કાપી અને મૂળમાંથી કાઢી લઇ જવાની કામગીરી માટે નીચે મુજબની શરતો છે.

**: ઝાડ કાપી લઈ જવાની શરતો :**

| | |
|---|---|
| ૧ | ભાવ તમામ ટેક્ષ (GST) સાથેના આપવાના રહેશે. |
| ૨ | બતાવેલા ઝાડને જમીન લેવલેથી કાપીને લઇ જવાના રહેશે. ઝાડ કાપ્યા બાદ ઝાડને મુળ સહીત જમીનમાંથી કાઢી આપવાના રહેશે તેમજ મુળ કાઢવા ખોદેલ ખાડા ફરી ભરી જમીન લેવલ કરી આપવાની રહેશે. ઝાડ કાપ્યા બાદ નીકળેલ સોરણ પણ પ્લોટમાંથી કાઢી પ્લોટ ખુલ્લો કરી આપવાનો રહેશે. |
| ૩ | સરકારી કે યુનિ.કર્મચારી, યુનિ.ના લેણદારો કે બ્લેક લીસ્ટમાં હશે તો માંગણીમાં ભાગ લઇ શકશે નહિ. |
| ૪ | ભાવ માન્ય રાખવા કે નહી તે નીચે સહી કરનાર અધિકારીની સતામર્યાદામાં રહેશે. |
| ૫ | મંજુર થયેલ ભાવની રકમનાં **૧૦% ડીપોઝીટ દિવસ-૦૩** માં કચેરીમાં જમા કરવાની રહેશે. જે રકમ ફાર્મમાં નુકસાની ન કર્યા અંગેનું ફાર્મ મેનેજરનું પ્રમાણપત્ર મેળવી વગર વ્યાજે પરત કરવામાં આવશે. |
| ૬ | મંજુર થયેલ રકમ **દિવસ-૦૭ માં** સરકારી નીતિ-નિયમો મુજબ લાગુ પડતાં ટેક્ષ સાથે કચેરીમાં જમા કરવાની રહેશે. ત્યારબાદ ઝાડ નિકાલ માટે પરવાનગી આપવામાં આવશે. |
| ૭ | બંધ કવર ઉપર "ચીકુના ઝાડ નિકાલ માટે ના ભાવ" તેમ સ્પષ્ટ દર્શાવવું નહીતર ભાવ ખોલ્યા બાદ રદબાતલ ગણાશે |
| ૮ | પરવાનગી આપ્યા બાદ ઝાડના નિકાલ માટેની કાર્યવાહી તાત્કાલિક કરવાની રહેશે તેમજ ભાવ ખુલ્યાની તારીખથી વધુમાં વધુ **એક (૦૧) મહિના** સુધી માંગણીદરના જોખમે જે તે સ્થળે માલ રાખવા દેવામાં આવશે પછીથી માલ જૂ.કૃ.યુ.નો ગણાશે અને માલની ભરપાઈ કરેલ રકમ પરત દેવામાં આવશે નહિ. |
| ૯ | ઝાડ કાપવાની કામગીરી દરમિયાન મજુરોને ઈજા/નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ઇજારદારની રહેશે. |
| ૧૦ | તમામ ઝાડો સ્વખર્ચે અને પોતાના જોખમે કાપીને લઇ જવાના રહેશે. |
| ૧૧ | સરકારી કે નગરપાલિકાના કોઇપણ દર/ ટેક્સ, જે કઇ લાગો લેતરો ભરવાના થાય તે ઈજારદારે ભરવાના રહેશે. |
| ૧૨ | આકસ્મિક કે અન્ય કારણોસર કામગીરી રદ કરવાની સત્તા નીચે સહી કરનાર અધિકારીની રહેશે. જે નિર્ણય પાર્ટીને માન્ય રાખવાનો રહેશે. |
| ૧૩ | નીકળેલ ઝાડને વ્યવસ્થિત કાપી તેના લાકડા ભરી અને વેબ્રીજ પર વજન કરી વેબ્રીજની પહોંચ જે તે ફાર્મ/કચેરી ખાતે જમા કરાવવાની રહેશે. |
| ૧૪ | કામગીરી દરમિયાન કોઈ વાંધો તકરાર ઉપસ્થિત થાય તો નીચે સહી કરનારનો નિર્ણય આખરી ગણાશે. |
| ૧૫ | ભાવ મંજુર થયે પાર્ટીએ પાનકાર્ડની નકલ આધારકાર્ડની નકલ, બેંક પાસબુકની નકલ તથા મોબાઈલ નંબર સાથે રજૂ કરવાની રહેશે. |
| ૧૬ | ભાવ ભરનારે તેમનું પોતાનું ઘર/ઓફિસનું સરનામું ઓફિસમાં આપેલ હશે તે સરનામે પત્રવ્યવહાર કરવામાં આવશે. વિવાદી પ્રશ્નોમાં તેમણે આપેલ સરનામે કરેલ પત્રવ્યવહાર તેમને માન્ય રાખવા પડશે. |

**તા:૨૨/૦૮/૨૦૨૬**

સંશોધન વૈજ્ઞાનિક (ખેતી ઈજનેરી)

# સંશોધન વૈજ્ઞાનિક (ખેતી ઈજનેરી)ની કચેરી
## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
## જૂનાગઢ

ડૉ. જી. વી. પ્રજાપતી
સંશોધન વૈજ્ઞાનિક (ખે.ઈ.)

ફોન નં. : ૦૨૮૫ - ૨૬૭૨૦૮૦-૯૦
એક્સ. ૪૦૫, ૩૦૯


# ચીકુના ઝાડ નિકાલ માટેના ભાવ ભરવાનું પત્રક

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | અરજદાર/પાર્ટીનું પૂરું નામ | |
| ૨ | અરજદાર/પાર્ટીનું સરનામું | |
| ૩ | અરજદાર/પાર્ટીનો મોબાઈલ નંબર | |
| ૪ | અરજદાર/પાર્ટીનો આધારકાર્ડ અને પાનકાર્ડની વિગત | આધારકાર્ડ નં.:<br>પાનકાર્ડ નં.: |
| ૫ | ચીકુ ઝાડ કુલ-૯૦ ના મૂળ જમીનમાંથી કાઢી જમીન સમતળ કરી આપવા સુધીના ભાવ પ્રતિ ઝાડ દીઠ ભરવા | **રૂ. ________ / પ્રતિ ઝાડ** |
| ૬ | કુલ રકમ (૯૦ ઝાડ માટેના) તમામ કર/ટેક્ષ સહીત | **રૂ.**<br>**શબ્દોમાં:–** |
| ૭ | અન્ય વિગત | |

અરજદારની સહી/અંગૂઠો:- ______________________

પાર્ટી/ અરજદારનું નામ:-______________________